# ગોઢાણીયા કોલેજમાં રજતજયંતિની ઉજવણી





તસ્વીર: જીતેશ ચૌહાણ

ભાસ્કર ન્યૂઝ. પોરબંદર

પોરબંદરની ડો. વી.આર. ગોઢાણિયા કોલેજ સ્થાપનાના રજત જયંતિ વર્ષની ઉજવણી કરી રહી છે. આ ઉજવણીના દ્વિતિય સોપાનમાં 'સંસ્કૃતિ, સભ્યતા અને શિક્ષણ' એ વિષય પર એક દિવસીય નેશનલ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના ચેર પર્સન તરીકે દિલ્હી ખાતેની શ્રી જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટીના અંગ્રેજી વિભાગના હેડ ઓફ ધી ડિપાર્ટમેન્ટ અને જાણીતા કટાર લેખક ડો. મકરંદ પરાંજપે ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ આ સેમિનારનું દીપ પ્રાગટ્ય કરીને ઉદ્‌ઘાટન કર્યું હતું.

ગોઢાણિયા કોલેજના આંગણે યોજાયેલા આ સેમિનારમાં સંસ્થાના પ્રમુખ ડો. વિરમભાઈ ગોઢાણિયા, મેનેજીંગ ટ્રસ્ટી અર્જુનભાઈ મોઢવાડિયા, ટ્રસ્ટી ભરતભાઈ વિસાણા, પ્રિન્સીપાલ ડો. અનુપમ નાગર તેમજ ગિરીશભાઈ ત્રિવેદી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના આર્ટસ ફેકલ્ટીના ડીન જયદિપસિંહ ડોડીયા અને જાણીતા સાહિત્યકાર નરોત્તમભાઈ પલાણ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનો પ્રારંભ ગોઢાણિયા કોલેજની છાત્રાઓએ વેદમંત્રોના ગાનથી કર્યો હતો. આ નેશનલ સેમિનારને ચિંતન સભર બનાવવા માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ડો. જયદિપસિંહ ડોડીયા, ડો. પ્રફુલ્લાબેન રાવલ, ડો. ગિરીશભાઈ ત્રિવેદી, ડો. દક્ષાબેન જોષી આ ઉપરાંત પોરબંદરના ડો. એ.આર. ભરડા, ડો. ચન્દ્રકલાબેન કક્કડ, ડો. રામદત્તી, ડો. કશ્યપ જોષી, પ્રા. શાંતિબેન મોઢવાડિયા, સ્વામિશ્રી આત્મદીપાનંદજી, ડો. કિરીટભાઈ જોષી અને ડો. કેતનભાઈ પંડ્યા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ સેમિનારના ચેર પર્સન ડો. પરાંજપેએ પોતાના વક્તવ્યમાં એવું જણાવ્યું હતું કે, દરેક તરફથી જે કાંઈ ઉત્તમ કહી શકાય તેવું મળે તેનો સ્વિકાર કરવો જોઈએ. મહાત્મા ગાંધીનો ઉલ્લેખ કરતા એવું જણાવ્યું હતું કે, ભક્તિ અને પ્રેમ સર્વશ્રેષ્ઠ મુડી છે, તે પ્રભુને અર્પણ કરવા જરૂરી છે. તેઓએ વધુમાં એવું પણ જણાવ્યું હતું કે, જો વિશ્વ કલ્યાણના હેતુથી એક દેશ બીજા દેશ માટે ત્યાગ કરી શકે તો તે દેશ પ્રગતિશીલ દેશ તરીકે ઓળખાવવો જોઈએ. આ સેમિનારમાં જુદી-જુદી થીમ ઉપર આધારીત સાત પેરેલલ સેશનમાં વિભાજીત કરાયો હતો તેમાં સમગ્ર ગુજરાતમાંથી આવેલા શિક્ષકો, પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓએ મળીને કુલ ૧૦૫ જેટલા સંશોધન પેપરો રજૂ કર્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન વિદ્યાર્થીની ચાંદની શિંગડીયા અને મીનલ રાઠોડે કર્યું હતું.